સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગની પીએમની અપીલને અનુસરી ગુજરાત સરકારની મોટી જાહેરાત

# વિડીયો કોન્ફરન્સિંગ, EV વાહનો અને સાદગીભર્યા સરકારી કાર્યક્રમો પર ભાર

**ઈંધણ** બચત અને પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખી નવી માર્ગદર્શિકા અમલમાં

**અધિકારીઓએ** જરૂર ન હોત તો પ્રત્યક્ષ બેઠકો ટાળવી, જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા પર ભાર મૂકવા જણાવાયું

ગાંધીનગરઃ પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને કરેલી કરકસર અને સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગની અપીલને અનુસરી ગુજરાત સરકારે મહત્ત્વત્વપૂર્ણ નિર્ણયો જાહેર કર્યા છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સરકારી ખર્ચમાં ઘટાડો, ઈંધણ બચત અને પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખી નવી માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવી છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ હવે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ માત્ર જરૂરી હોય ત્યારે જ પ્રવાસ કરવાના રહેશે. વિડીયો કોન્ફરન્સિંગ, ટેલિફોન અને ઈ-મેઈલ જેવા ડિજિટલ માધ્યમોનો વધુમાં વધુ ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા બહારની મુસાફરી અને પ્રત્યક્ષ બેઠકોને શક્ય હોય ત્યાં સુધી ટાળવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે અન્ય રાજ્યો અથવા કેન્દ્ર સરકાર સાથેની બેઠકોમાં પણ શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી જોડાવું રહેશે. અનિવાર્ય સંજોગો સિવાય વિદેશ પ્રવાસ, તાલીમ, પરિસંવાદો અને કોન્ફરન્સમાં ભાગ લેવા પર પણ મર્યાદા મુકવામાં આવી છે.

સરકારી વાહનોના ઉપયોગમાં પણ નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. એકથી વધુ હવાલો ધરાવતા અધિકારીઓએ વધારાના વાહનો 'સરકારી વાહન પુલ'માં જમા કરાવવા પડશે. સાથે જ જ્યાં ઈલેક્ટ્રિક વાહન (EV) અથવા હાઈબ્રિડ વાહન ઉપલબ્ધ હોય ત્યાં તેનો જ ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. અધિકારીઓ અને કર્મચારીઓને ખાનગી વાહનોની જગ્યાએ મેટ્રો, એસ.ટી. બસ અને રેલવે જેવી જાહેર પરિવહન સેવાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

## હવે જીતુ વાઘાણીએ અમેરિકાનો પ્રવાસ રદ કર્યો

પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઇંધણ બચાવવા અને બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા કરેલી અપીલને અનુસરી ગુજરાતના કૃષિ અને સહકાર મંત્રી જીતુ વાઘાણીએ મહત્વનો નિર્ણય લઈને તેમનો આગામી અમેરિકાનો પ્રવાસ સ્વૈચ્છિક રીતે રદ કરવાની જાહેરાત કરી છે. અગાઉ ડે.સીએમ હર્ષ સંઘવીએ અમેરિકાનો પ્રવાસ રદ કરવાની જાહેરાત કરી હતી. માહિતી મુજબ, ચાલુ માસના અંતિમ અઠવાડિયામાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મુખ્યાલય ન્યૂયોર્ક ખાતે યોજાનાર 'ઇન્ટરનેશનલ સિમ્પોઝિયમ ઓન કોઓપરેટિવ ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યુશન્સ'માં વિશેષ વક્તા તરીકે હાજરી આપવાના હતા. જોકે વડાપ્રધાનના એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ટાળવાના આહવાનને પ્રાધાન્ય આપીને તેમણે આ પ્રવાસ રદ કરવાનો નિર્ણય લીધો છે.

## પેટ્રોલ-ડીઝલના જથ્થો સતત મળતો રહે તે માટે દૈનિક મોનિટરિંગના આદેશ

સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પેટ્રોલ-ડિઝલનો જથ્થો ગુજરાતને સતત મળતો રહે તે માટે મુખ્યમંત્રીએ ખાસ સૂચના આપી છે, આ ઉપરાંત ગેસના પુરવઠાની સ્થિતિનું મોનિટરિંગ કરવા ચીફ સેક્રેટરીને તાકિદ કરાઈ છે. બેઠક બાદ કેબિનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને ચર્ચાયેલા વિવિધ મુદ્દાઓ અંગે માહિતી જણાવ્યું હતું કે, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના જથ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરીને મુખ્યમંત્રીએ દૈનિક મોનિટરિંગની વ્યવસ્થા વધુ સક્રિય બનાવવા જણાવ્યું છે. રાજ્યમાં કંટ્રોલ રૂમ દ્વારા દરરોજ પેટ્રોલ અને ડીઝલના જથ્થાની સમીક્ષા કરવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ પૂરતો પુરવઠો જળવાઈ રહે તેની ખાતરી કરવા માટે તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે.

## 300 નવી એસટી બસ ઉદઘાટન સમારોહ વિના સીધી જ રસ્તા પર દોડશે

સરકારના એસ ટી નિગમ (GSRTC) દ્વારા આવતીકાલથી રાજ્યના વિવિધ રૂટ પર 300 નવી અત્યાધુનિક બસોને સીધી જ જનસેવામાં કાર્યરત કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયની સૌથી વિશેષ બાબત એ છે કે બસોના લોકાર્પણ માટે કોઈ ભવ્ય સમારોહ, રિબન કટિંગ કે વીઆઈપી કાર્યક્રમ યોજવામાં આવશે નહીં. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે આવા મોટા કાર્યક્રમોમાં બસોને વિવિધ સ્થળોથી કાર્યક્રમ સ્થળે લાવવા-લઈ જવામાં હજારો લિટર ઈંધણ અને લાખો રૂપિયાનું સરકારી ખર્ચ થતો હોય છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા આ બિનજરૂરી ખર્ચ અને સમયનો બગાડ અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## M.E., M.Pharm, M.Plan અને M.Arch માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમદાવાદઃ પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ 2026 માટે વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાની આજથી તા. 15 મે 2026થી ઓનલાઈન તેમજ ઓફલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. 30મી મે સુધી ઓનલાઈન રજિસ્ટેશન કરી શકાશે. પ્રવેશ સમિતિના જણાવ્યા મુજબ M.E. (માસ્ટર ઓફ એન્જિનિયરિંગ)ની 82 સંસ્થાઓ અને M.Pharm (માસ્ટર ઓફ ફાર્મસી)ની 74 સંસ્થામાં પ્રવેશ માટે ઉમેદવારો 15 મેથી 30 મે 2026 દરમિયાન ઓનલાઈન નોંધણી કરી શકશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન રહેશે.

## ચોમાસું 26 મે આસપાસ કેરળમાં પ્રવેશવાની શક્યતા

**રાજ્યમાં** હીટવેવ યથાવત, અનેક શહેરોના તાપમાન 40 ડિગ્રીથી ઉપર, ભાવનગર 45 ડિગ્રીએ શેકાયું

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાએ આકરો મિજાજ ધારણ કર્યો છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિ.સે.થી ઉપર પહોંચતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આજે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ગરમી ભાવનગરમાં નોંધાઈ હતી, જ્યાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે, પરંતુ ત્યારબાદ ખાસ ફેરફાર નહીં થાય. આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીથી ઉપર જ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાન, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 26 મે આસપાસ કેરળમાં પ્રવેશ કરવાની શક્યતા દર્શાવવામાં આવી છે. સાથે જ બંગાળની ખાડી અને આંદામાન-નિકોબાર વિસ્તારમાં ચોમાસાની આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

## ધોરણ-10ની પૂરક પરીક્ષાનાં ફોર્મ ભરવાની મુદત ત્રણ દિવસ લંબાવાઈ

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10ની લેવાના પૂરક પરીક્ષા માટે આવેદનપત્રો ભરવાની મુદત ત્રણ દિવસ લંબાવવામાં આવી છે. હવે 18મી મે સુધી આવેદનપત્રો ભરી શકાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ 10ની પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષય વિષયોમાં ગેરહાજર રહેલા હોય અથવા એક કે તેથી વધુ વિષય વિષયોમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં બેસવા ઈચ્છતા હોય તો પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરવાનું રહેશે.

# ડોનાલ્ડ ટ્રમ્પ ખાલી હાથે બેઈજિંગ ગયા હતા અને ખાલી હાથે પાછા ફર્યા છે

ધ્રુવ પોઇન્ટ ■ સંજય વોરા ■

આખી દુનિયા જેની આતુરતાથી રાહ જોઈ રહી હતી તે ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ સાથેની મુલાકાત આખરે પૂરી થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે પાછા ફર્યા છે. શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને બેઇજિંગમાં બોલાવી પોતાની બોડી લેન્ગવેજ દ્વારા સાબિત કરી દીધું છે કે વિશ્વની ખરી મહાસત્તા કોણ છે. શી જિનપિંગે શબ્દો ચોર્યા વિના અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર કહ્યું, જેનો ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના એંગલથી સ્વીકાર કરવો પડ્યો. ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસ પહેલાં અમેરિકાના મીડિયામાં ચર્ચા ચાલી રહી હતી કે ચીન અમેરિકામાં એક ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાનું વચન આપશે. શી જિનપિંગે એવું કોઈ વચન આપ્યું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ જે ૩૦ બિઝનેસ ટાયકૂનોનો કાફલો લઈને ગયા હતા, તેમને પણ ખાસ કોઈ વકરો થયો નથી. અમેરિકા ચીન તરફથી રેર અર્થ મિનરલ્સની બાબતમાં કંઈક હૈયાધારણ ઇચ્છતું હતું, પણ ચીને અમેરિકાને કોઈ વચન આપ્યું નથી. ચીન હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી રાખવા માટે ઈરાન પર દબાણ લાવવાની બાબતમાં પણ કોઈ નક્કર આશ્વાસન આપવા તૈયાર થયું નથી.

આ મુલાકાતમાં બંને નેતાઓએ તાઇવાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે જો તમે તાઈવાનની બાબતમાં માથું મારશો તો સંઘર્ષ થયા વિના રહેશે નહીં. આ વાતચીત દરમિયાન જિનપિંગે થુસીડાઇડ્સ ટ્રેપ વાક્યનો ઉલ્લેખ કર્યો, જેનું ગંભીર અર્થઘટન થઈ શકે છે. હકીકતમાં થુસીડાઇડ્સ ટ્રેપ એ વૈશ્વિક રાજકારણમાં વપરાતો એક જાણીતો શબ્દસમૂહ છે. હાર્વર્ડના રાજકીય વૈજ્ઞાનિક ગ્રેહામ એલિસને આ શબ્દસમૂહને લોકપ્રિય બનાવ્યો. એલિસને તેને પ્રાચીન ગ્રીક ઇતિહાસકાર થુસીડાઇડ્સનાં લખાણોમાંથી મેળવ્યો હતો. થુસીડાઇડ્સે લગભગ ૨,૫૦૦ વર્ષ પહેલાં એથેન્સ અને સ્પાર્ટા વચ્ચેના પેલોપોનેશિયન યુદ્ધનું વિશ્લેષણ કર્યું હતું. તેમણે તારણ કાઢ્યું હતું કે એથેન્સનો ઉદય અને તેનાથી સ્પાર્ટામાં પેદા થયેલો ભય યુદ્ધનું કારણ હતાં. આજે આવું વાતાવરણ પેદા થયું છે.

વૈજ્ઞાનિક ગ્રેહામ એલિસને થુસીડાઇડ્સના વિચારને આધુનિક ભૂરાજનીતિ સાથે સરખાવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે જ્યારે કોઈ ઉભરતી શક્તિ સ્થાપિત શક્તિને પડકારે છે, ત્યારે તણાવ ઉત્પન્ન થાય છે, જે સંઘર્ષની શક્યતા વધારે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ઉભરતી શક્તિ અને સ્થાપિત શક્તિ સંઘર્ષ તરફ આગળ વધે છે ત્યારે થુસીડાઇડ્સ ટ્રેપ ઉભરી આવે છે. શી જિનપિંગે તેમની વાતચીતમાં ટ્રમ્પને પૂછ્યું કે શું ચીન અને અમેરિકા થુસીડાઇડ્સ ટ્રેપથી ઉપર ઊઠી શકે છે અને સહયોગ અને




સ્થિરતાનું નવું મોડેલ સ્થાપિત કરી શકે છે. શું આપણે વૈશ્વિક પડકારોનો સામનો કરવા અને વિશ્વમાં વધુ સ્થિરતા લાવવા માટે હાથ મિલાવી શકીએ છીએ? શી જિનપિંગના આ નિવેદનને અમેરિકા-ચીન સંબંધો સુધારવા તરફના એક મોટા સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. એવા સમયે જ્યારે બંને દેશો વચ્ચે વિવિધ મુદ્દાઓ પર તણાવ વધી રહ્યો છે ત્યારે શી જિનપિંગના થુસીડાઇડ્સ ટ્રેપ નિવેદનનું ગંભીર અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

ઈરાન યુદ્ધ, ઊર્જા સુરક્ષા અને વેપાર જેવા વિવિધ મુદ્દાઓ પર વ્યાપક ચર્ચાઓ વચ્ચે, ચીનના રાષ્ટ્રપતિએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપી હતી કે તાઇવાન મુદ્દાને ખોટી રીતે હાથ ધરવાથી બંને દેશો વચ્ચે મુકાબલો અને સંઘર્ષ પણ થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પની ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની રાજદ્વારી મુલાકાત દરમિયાન એક નિવેદને વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. શી જિનપિંગે અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર તરીકે વર્ણવ્યું. બેઇજિંગમાં આ બેઠક દરમિયાન શી જિનપિંગે જે રીતે અમેરિકાને પતનશીલ રાષ્ટ્ર તરીકે વર્ણવ્યું તે ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજદ્વારી આંચકો માનવામાં આવી રહ્યો છે. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પ તમાચો મારીને ગાલ લાલ કરતાં આ નિવેદનનું અલગ રીતે અર્થઘટન કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે દલીલ કરી હતી કે શી જિનપિંગ જો બિડેનના કાર્યકાળ દરમિયાન અમેરિકાને થયેલા નુકસાનનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે આ નિવેદનને પોતાની રીતે સમજાવતા કહ્યું કે તેમના સત્તામાં પાછા ફર્યા પછી અમેરિકા ફરી એક વાર વિશ્વની સૌથી શક્તિશાળી આર્થિક અને લશ્કરી શક્તિ બની ગયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પરની એક પોસ્ટમાં અમેરિકાની વર્તમાન વૈશ્વિક સ્થિતિનો બચાવ કર્યો હતો અને ફરી એક વાર બિડેન રાષ્ટ્રપતિની ટીકા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું કે જ્યારે રાષ્ટ્રપતિ શીએ આટલી નાજુકતાથી અમેરિકાને સંભવિત રીતે પતનશીલ રાષ્ટ્ર કહ્યું ત્યારે તેઓ નિદ્રાધીન જો બિડેન વહીવટીતંત્રનાં ચાર વર્ષ દરમિયાન થયેલા પ્રચંડ નુકસાનનો ઉલ્લેખ કરી રહ્યા હતા અને આ બાબતે શી જિનપિંગ ૧૦૦ ટકા સાચા છે. બે વર્ષ પહેલાં આપણે ખરેખર પતનનો સામનો કરી રહેલ રાષ્ટ્ર હતા. હું આ બાબતે રાષ્ટ્રપતિ શી સાથે સંપૂર્ણપણે સહમત છું.

આ મુલાકાતનું સૌથી મહત્ત્વનું પાસું એ હતું કે તે ચીનને અમેરિકા સાથે સમાન સ્તરે રાખે છે. આ એવી બાબત છે જેના પર ચીનના નેતા શી જિનપિંગ લાંબા સમયથી વૈશ્વિક રાજદ્વારીમાં ભાર મૂકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરનાં વર્ષોમાં વારંવાર ચીનની ટીકા કરી છે અને અમુક માલ પર ૫૦૦ ટકા ટેરિફ લાદવા જેવાં આક્રમક પગલાં પણ લીધાં છે. આમ હોવા છતાં બંને નેતાઓ એકબીજા સાથે સમાન વર્તન કરી રહ્યા છે તે હકીકત નોંધપાત્ર તફાવત બનાવે છે. આ મુલાકાતનો સમય મહત્ત્વપૂર્ણ છે. અમેરિકા પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવમાં ફસાયેલું છે. દરમિયાન, ચીન પોતાને સ્થિરતા લાવનાર બળ અને વૈશ્વિક રાજદ્વારીના મુખ્ય સ્તંભ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પ સાથે શી જિનપિંગની મુલાકાત બેઇજિંગને એ દર્શાવવાની તક પૂરી પાડી છે કે તે વૈશ્વિક કટોકટીના ઉકેલમાં એક આવશ્યક ખેલાડી તથા એક એવી શક્તિ છે, જે સલાહ લેવા યોગ્ય છે. હકીકતમાં શી જિનપિંગે ડોનાલ્ડ ટ્રમ્પને ચીનમાં બોલાવીને પોતાની તાકાત બતાડી છે.

એક તરફ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે લાલ જાજમ બિછાવવામાં આવી હતી અને તેમને ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી, તો બીજી તરફ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પોતે તેમનું સ્વાગત કરવા એરપોર્ટ પર પહોંચ્યા ન હતા. શું આ ખરેખર ડોનાલ્ડ ટ્રમ્પનું અપમાન છે? કે પછી આની પાછળ ચીનનો કોઈ ઊંડો રાજદ્વારી પ્રોટોકોલ છુપાયેલો છે? સોશ્યલ મીડિયા પર લોકો કહી રહ્યાં છે કે ડ્રેગને ટ્રમ્પને તેમનું સ્થાન બતાવી દીધું છે. ટ્રમ્પની મુલાકાતની સૌથી નોંધપાત્ર ખાસિયતોમાંની એક રાષ્ટ્રપતિ સાથે આવેલા અમેરિકન બિઝનેસ લીડર્સનું પ્રતિનિધિમંડળ હતું. એલોન મસ્ક અને ટિમ કૂક જેવા બિઝનેસ દિગ્ગજો આ વિશાળ જૂથનો ભાગ હતા, જેઓ તેમના ચીની સમકક્ષો સાથે વાતચીત કરી રહ્યા હતા. આ હાજરી બેઇજિંગને એક મજબૂત આર્થિક તાકાત તરીકે વર્ણવતા સંદેશને મજબૂત બનાવે છે. તે દર્શાવે છે કે અમેરિકન બિઝનેસ હિતો ચીનના બજાર સાથે ઊંડે સુધી જોડાયેલાં છે. આ દૃશ્ય શી જિનપિંગનાં એવા કથનને મજબૂત બનાવે છે કે ચીન વૈશ્વિક વેપાર માટે આવશ્યક છે. રાજકીય ઘર્ષણ છતાં, અમેરિકન કંપનીઓની સફળતા હજુ પણ ચીની ગ્રાહકો અને સપ્લાય ચેઇન સુધી તેમની પહોંચ સાથે ગાઢ રીતે જોડાયેલી છે.

બેઇજિંગમાં લગભગ બે કલાક ચાલેલી પ્રથમ રાઉન્ડની વાટાઘાટો બાદ ટ્રમ્પે ૨૪ સપ્ટેમ્બરના રોજ શી જિનપિંગ અને તેમની પત્નીને વ્હાઇટ હાઉસમાં આમંત્રણ આપ્યું હતું, જેમાં બંને નેતાઓ સંમત થયા હતા કે વૈશ્વિક ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવું જરૂરી છે. જો કે આ માટે ચીન કોઈ સક્રિય ભૂમિકા ભજવવા તૈયાર થાય તેમ લાગ્યું નહોતું. ડોનાલ્ડ ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે મંત્રણાઓ ચાલી રહી હતી ત્યારે જ હોર્મુઝમાંથી ચીનનું એક ટેન્કર પસાર થઈ રહ્યું હતું.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસ પહેલાં મીડિયામાં ચર્ચા ચાલી રહી હતી કે ચીન અમેરિકામાં એક ટ્રિલિયન ડોલરનું રોકાણ કરવાનું વચન આપશે. શી જિનપિંગે એવું કોઈ વચન આપ્યું નથી**

# BUSINESS મિત્ર

## શરૂઆતી તેજી પર મોંઘવારીનું 'ગ્રહણ': આઈટીની રિકવરી છતાં સેન્સેક્સ લાલ નિશાનમાં

**રૂપિયો** રગડાયો, ક્રૂડ ઉકળ્યું અને રોકાણકારોના રૂ.1.67 લાખ કરોડ ધોવાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** બે દિવસના વધારા બાદ આજે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં સુધારા સાથે ખુલ્યું હતું, પણ મિડ સેશન બાદ નફાવસુલી જોવા મળી હતી. કેમ કે ક્રુડ ઓઈલના ઉંચા ભાવની સાથે રૂપિયો નબળો પડીને ઐતિહાસિક તળિયે પહોંચી જતાં શેરબજારમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું. જોકે, આજે આઈટી શેરોમાં રીકવરી જોવા મળી હતી.

સરકાર દ્વારા ટેક્સમાં રાહત આપવાની ચર્ચાએ જોર પકડ્યું હતું, જેથી એફઆઈઆઈની ખરીદી શરૂ થવાના આશાવાદની પાછળ અને આઈટી શેરોની આગેવાનીએ બજારને ટેકો મળ્યો હતો, પરંતુ તે પછી પ્રોફીટ બુકીંગ, ક્રુડ ઓઈલના ભાવ વધારો અને રૂપિયામાં કડાકો બોલાતા વેચાણનું દબાણ આવ્યું હતું. જેના લીધે સરકારે પેટ્રોલ-ડિઝલ રૂ. 3 તથા એલએનજીના ભાવમાં રૂ. 2 વધારો કરવો પડ્યો હતો. જે જથ્થાબંધ ફુગાવાના દર ઉંચા સ્તરે પહોંચી જતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આજે રોકાણકારોએ રૂ. 1.67 લાખ કરોડનું નુકશાન કર્યપુ હતું. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 460 લાખ કરોડ થઈ હતી. ઈન્ટરબેન્ક ફોરેન એકસચેન્જ માર્કેટમાં આજે બપોરે રૂપિયો પ્રથમ વખત 96.14 પ્રતિ ડોલરની વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. બાદમાં રૂપિયો 30 પૈસા ઘટીને 95.94ના સ્તરે બંધ રહ્યો હતો.

બીએસઈ સેન્સેક્સ 160.73 પોઈન્ટ એટલે કે 0.21 ટકા ઘટીને 75237.99 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75870 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75139 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 46.10 પોઈન્ટ એટલે કે 0.19 ટકા ઘટીને 23643.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી ઉંચામાં 23839 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 23610 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 418.60 પોઈન્ટ એટલે કે 0.77 ટકા ઘટીને 53710.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે શીલા ફોમ લિ.માં 25.65 ગણા, સાંઈ લાઈફ સાયન્સીસમાં 6.17 ગણા, અપોલો ટાયરમાં 5.39 ગણા, મુથુટ ફાઈનાન્સમાં 5.21 ગણા, અને ચંબલ ફર્ટીલાઈઝરમાં 4.79 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સારેગામા ઈન્ડિયામાં 16.46 ગણા, ગ્રેટ ઈસ્ટર્ન શીપીંગમાં 15.38 ગણા, ચંબલ ફર્ટીલાઈઝરમાં 14.74 ગણા, સાંઈ લાઈફ સાયન્સીસમાં 10.75 ગણા, કોરોમાંડલમ યુનિવર્સલમાં 8.07 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.48 ટકા અને સ્મોલકે ઈન્ડેકસ 0.37 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1705 શેરો વધ્યા હતા, જ્યારે 2472 શેરો ઘટયા હતા અને 168 શેરોમાં કોઈ ફેરફાર થયો નથી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.93 ટકા ઘટ્યો હતો. જેમાં હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, વેલસ્પન કોર્ફ, સેઈલ, હિન્દાલ્કો, નેલ્કો, વેદાન્તા, ટાટા સ્ટીલ, એનએમડીસી અને જિન્દાલ સ્ટીલ ઘટયા હતા. વૈશ્વિક સ્તરે ભૌગોલિક રાજકીય તણાવના કારણે વૈશ્વિક બજારો ઘટયા હતા. આ ઉપરાંત, ટ્રમ્પ અને જિનપીંગ વચ્ચેની બેટકમાં કોઈ મોટી સફળતા મળી નહોવાથી રોકાણકારો સાવચેત રહ્યા હતા. એશિયન બજારોમાં કોસ્પી 6 ટકાથી વધઉ તૂટયો હતો, જ્યારે નીક્કી 3 ટકા અને હેગસેંગ 2 ટકા ઘટ્યો હતો. તાઈવાન, શાંઘાઈ જેવા બજારો એક-એક ટકા ઘટ્યા હતા. જોકે, ડાઉ ફ્યુચર્સ પણ લાલ નિશાનમાં ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજાર લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. જેની પાછળ યુરોપિયન બજારોમાં પણ નરમાઈ જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.90 ટકા, કેક 1.48 ટકા અને ડેક્સ 2.22 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.70 ટકા, સ્ટ્રેઈટસ 0.14 ટકા, હેગંસેંગ 1.73 ટકા, તાઈવાન 1.41 ટકા, કોસ્પી 6.52 ટકા, શાંઘાઈ 1.03 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો તૂટીને 96.15ની નવી નીચી સપાટીએ

વૈશ્વિક અનિશ્ચિતતા અને ક્રુડ ઓઇલના વધી રહેલા ભાવાનો કારણે રૂપિયો વધુ નબળો પડ્યો હતો અને આજે નવી ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચી ગયો હતો. આજે રૂપિયો તૂટીને 96ની સપાટી કુદાવીને 96.15ના સ્તરે પહોંચી ગયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 19 પૈસા ઘટીને 95.96ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.77ના સ્તરે બોલાયો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 111.59, પાઉન્ડ127.96, કેનેડિયન ડોલર 69.54, ઓસ્ટ્રેલિયન ડોલર 68.13, જાપાનીઝ યેન 0.6053 અને સીંગાપોર ડોલર 74.97ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.97 રૂ. |
| યુરો | 111.59 રૂ. |
| પાઉન્ડ | 127.96 રૂ. |
| યેન | 0.6053 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -160.73 | 75237.99 |
| નિફ્ટી | -46.10 | 23643.50 |
| બેન્ક નિફ્ટી | -418.60 | 53710.35 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીએમપીવી | 5.25 | 356.55 |
| ડો. રેડ્ડીઝ લેબ | 2.54 | 1336.70 |
| ઇન્ફોસીસ | 2.19 | 1119.00 |
| ટેક મહિન્દ્રા | 2.02 | 1370.50 |
| કોલ ઇન્ડિયા | 1.79 | 462.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિલ્દાલ્કો | 3.24 | 1067.50 |
| નેસલે ઇન્ડિયા | 1.99 | 1430.50 |
| ટટા સ્ટીલ | 1.94 | 216.84 |
| ઇટર્નલ | 1.89 | 241.18 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.87 | 1336.40 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.08 | 1118.40 |
| ટેક મહિન્દ્રા | 2.04 | 1372.70 |
| પાવરગ્રીડ | 1.34 | 305.85 |
| અદાણી પોર્ટ્સ | 1.27 | 1795.70 |
| ભારતી એરટેલ | 1.13 | 1904.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.97 | 216.80 |
| ઇટર્નલ | 1.93 | 241.05 |
| રિલાયન્સ | 1.87 | 1336.35 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.83 | 11489.85 |
| એસબીઆઇ | 1.69 | 962.95 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ. | | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૩૦૦૦ |
| તેજાબી સોનું | ૧૬૨૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૮૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૯૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૧૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૨૯૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

## ઈન્કમટેક્ષ રીટર્ન અને ફોર્મ્સમાં બદલાવ

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

ઈન્કમટેક્ષ રીટર્ન ફોર્મ્સ નં.1 અને 4 ની યુટીલીટી બહાર પડી ગઈ છે જે ફોર્મ્સ હવે ભરી શકાશે. કે જે સહજ ફોર્મ ગણાય છે તે ભારતીય રહીશ વ્યક્તિઓ કે જેઓની વાર્ષિક 50 લાખથી ઓછી આવક છે તેઓ ભરી શકશે. કરદાતાની પગાર, પેન્શન, બે મિલ્કતો, અન્ય સ્ત્રોતની આવક જેવી કે વ્યાજ, વિગેરે આ પત્રક ભરી શકે છે. ખેતીની આવક 5000 સુધી આ પત્રક ભરી શકાય, વળી કલમ લોંગ ટર્મ કેપિટલ ગેઈન (1.25 લાખ) સુધી આ ફોર્મમાં બતાવી શકે છે.

**I.T.R.-4 કે જેને સુગમ કહે છે**

તે ભારતીય રહીશ વ્યક્તિઓ H.U.F. અને LL P સિવાયની ભાગીદારી પેઢીઓ કે જેઓની વાર્ષિક આવક 50 લાખથી ઓછી છે અને કલમ-44AD, 44ADA અથવા 44AE મુજબ અંદાજિત આવક બતાવે છે અંદાજિત આવક એટલે કે જેઓની ટર્નઓવર 1 કરોડથી 3 કરોડ વચ્ચે છે તેઓ 6 ટકા કે 8 ટકા ચોખ્ખો નફો દર્શાવી શકે છે. વળી પ્રોફેશનલ કે જેઓની આવક 75 લાખથી ઓછી હોય તેઓ 50 ટકા પ્રમાણે નફો દર્શાવીને ચોપડા રાખવા તથા ફરજિયાત ઓડિટમાંથી બચી શકે ટ્રક ફેરવનાર 10 ટ્રક સુધી નફો ઓફર કરી શકે છે. વળી લાંબા ગાળાનો 1.25 લાખ સુધીનો નફો બતાવી શકે છે.

**ફોર્મ નં.4માં ફેરફાર**

નાણાંકિય માહિતીમાં વર્ષના અંતેના રોકાણના આંકડા ફરજિયાત બેંક ખાતાઓમાં 31મી માર્ચનું બેલેન્સ Email i d, mobile 00 વિગેરે F | O અંગે વિશિષ્ટ રીતે લખવાનું છે. 31/8/2026 સુધી આ રીટર્ન ભરી શકાશે. અને 31/3/2027 સુધી રિવાઈઝ્ડ થઈ શકશે.

**ચલણોમાં સુધારો**

T.D.S. ના ચલણનો 481 N માં અલગ અલગ કલમો હેઠળના અલગ ચલણો ભરતા હતા પરંતુ 2026-27 થી હવે એક જ ચલણમાં તમામ કલમો હેઠળ અલગ અલગ કોડ નંબરથી ટેક્ષ કપાતના નાણા ભરી શકાશે. દા.ત. વ્યાજ, કોન્ટ્રાકટ પેમેન્ટ, ભાડુ, કમિશન, દલાલી વિગેરે હવે દર્શાવી શકાશે મહત્તમ 20 વિવિધ પ્રકારના પેમેન્ટ TDS એક ચલણમાં બતાવી શકાશે. બીજા મહિનાની 7મી તારીખે આ ચલણ ભરવાનું રહે છે.

**પ્રોપર્ટી વેચાણ**

50 લાખની ઉપર મિલ્કત વેચાણ અંગે હવે અગાઉના ફોર્મ નં. 26QBની જગ્યાએ ફોર્મ નં. 141 ચલણ કમ પત્રક તરીકે ભરી શકાશે એક મિલ્કત ખરીદનાર હોય અને પાંચ વેચનાર હોય તો હવે એક ચલણથી ભરી શકાશે. આ ચલણમાં TAN નંબર લેવાનો નથી.

**પ્રોફેશનલ્સ-ડોક્ટર્સ**

ડોક્ટર્સ અને મેડિકલ સાથે અલગ વ્યક્તિઓએ હવે ફોર્મ નં. 25 માં તમામ વિગતો દર્શાવવાની રહે છે. જે અગાઉ ફોર્મ નં. 30માં આપવાની રહે છે જેમાં રોજે રોજની કનસલ્ટીંગ આવક, ટ્રીટમેન્ટ અને પેશન્ટની વિગતો દર્શાવવાની રહે છે. આ રીતનું રજીસ્ટર રાખવામાં આવે નહિ તો 25000નો દંડ ફટકારવામાં આવે છે.

ઇતિહાસમાં પ્રથમ વખત રૂપિયો ૯૬ને પાર નીકળ્યો

## રૂપિયો એશિયામાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર ચલણ બન્યું

**કરન્સી** બજારમાં ઇન્ટ્રાડેમાં રૂપિયો તૂટીને 96.15ના સ્તરે પહોંચ્યો એક વર્ષમાં 11%નું ગાબડું

મુંબઈ, તા. 15: રૂપિયો વધુને વધુ નબળો પડતો જોવા મળી રહ્યો છે. આજે ઈતિહાસમાં પ્રથમ વખત રૂપિયો નબળો પડીને 96ને પાર નીકળ્યો હતો. જેનું કારણ ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો છે. ઈરાનના હોર્મુઝ ખાડી પરથી પરિવહન બંધ રહેવાના કારણે ક્રુડ ઓઈલના ભાવ વધી રહ્યા છે અને તેની સીધી અસર રૂપિયા પર પડી રહી છે. જેના લીધે આજે ઈન્ટ્રાડેમાં રૂપિયો તુટીને 96.15 સુધી તુટ્યો હતો. જે છેલ્લે 96ની નીચે બંધ રહ્યો હતો.

આજરોજ કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 95.86ના સ્તરે ખુલ્યો હતો, તે પછી તેના પર દબાણ વધ્યું હતું, જે લગભગ 3 કલાકે 96ના સ્તરને પાર કરીને 96.15 સુધી તૂટયો હત. જે છેલ્લે 96ની નીચે બંધ રહ્યો હતો.

ફોરેક્સ ડીલરનું કહેવું છે કે, ડોલરની માગ વધી રહી છે, જેના કારણે રૂપોયો ઘટી રહ્યો છે. ડોલર ઈન્ડેક્સની મજપબૂતી અને શેરબજારમાં વિદેશી ભંડોળની વેચવાલીથી પણ રૂપિયાને અસર પડી રહી છે.

રૂપિયામાં સતત ખરાબ પ્રદર્શનના કારણે એશિયામાં સૌથી ખરાબ પ્રદર્શન કરનારૂં ચલણ બની ગયું છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં તેમાં તીવ્ર ઘટાડો થયો છે. આનું કારણ ભારતનું વધતું આયાત બિલ છે.